સરગાસણ સામ્રાજય ફાર્મના માલિકની ગોળી મારી હત્યા

હડમતીયા વિસ્તારમાં સામ્રાજય ફાર્મમાં ગતરાત્રીના સુમારે ખુની ખેલ ખેલાયો : જમીનની લેવડ-દેવડ મામલે શહેરના અગ્રણી પ્રવીણ માણીયાની કરપીણ હત્યા : મિત્રો વચ્ચે મહેફીલ બાદ ડખો થયો હતો : હુમલાખોર મર્સિડીઝ કારમાં ફરાર





ગાંધીનગર, તા.૧૮

સરગાસણ હડમતીયા વિસ્તારમાં સામ્રાજય ફાર્મમાં ગતરાત્રીના સુમારે ખુની ખેલ ખેલાયો છે. જેમાં દારૂની મહેફીલ બાદ કેટલાક મિત્રો વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા એક મિત્રએ જ ફાર્મના માલિકને પેટની ડાબી બાજુએ ગોળી ધરબી દીધી હતી. ગોળી વાગતા જ સામ્રાજયના માલિક ફસડાઈ પડ્યા હતા.ત્યારે હુમલો કરનાર બે શખ્સો કાળા કલરની મર્સિડીઝ કારમાં ફરાર થઈ ગયા હતા. જયારે ફાર્મના માલિકને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયુ હતું. આ બનાવમાં તલવાર વડે પણ હુમલો થયો હોવાનું ધ્યાને આવ્યું છે. ન્યું સરગાસણ વિસ્તારમાં ફાયરીંગની ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી છે. બનાવને પગલે સેકટર-૭ પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી કેટલાક શખ્સોની અટકાયત કરી પુછતાછ પણ શરુ કરી છે તો બીજી તરફ ડોગ સ્કવોડ, એફએસએલની મદદ લઈ ગુનો નોંધી હુમલાખોરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સરગાસણ સિધ્ધરાજ ઝેડ પ્લસ ફલેટ નં.બી-૭૦૧ ખાતે રહેતા ૨૮ વર્ષિય વિજય પ્રવિણભાઈ માણીયા પરિવાર સાથે રહે છે અને કન્સ્ટ્રકશનનો વ્યવસયાય કરે છે. જયારે પ્રવિણભાઈ માણીયા જમીન લે-વેચનો વ્યવસાય કરતા હતા. જયારે ખ રોડ નજીકમાં સર્વે નં.૪૫૯ માં સાડા ત્રણ વીઘા જમીન આવેલી છે. જેમાં દાદાનું ગણોતીયા તરીકે નામ હોવાથી વર્ષોથી જમીનનો કબ્જો પિતા પાસે છે. જેમાં તેઓએ સામ્રાજય ફાર્મ બનાવ્યું હતું અને અંદર ઓફિસ પણ બનાવી હતી. જેમાં બેસીને તેઓ જરુરી કામકાજ કરતા હતા અને તેઓને મળવા માટે તેમના મિત્ર પણ આવન જાવન કરતા હતા. ત્યારે ગઈકાલે વિજય ગ-૧ થી ઘર તરફ જઈ રહ્યો હતો તે સમયે તેની માતા હંસાબેનનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે ફાર્મ હાઉસ પર કામ કરતી ગીતાએ જણાવ્યું છે કે તારા પિતાને કોઈએ ગોળી મારી છે. જેથી વિજય તાત્કાલીક ફાર્મ હાઉસ ખાતે પહોંચી ગયો હતો. ત્યાં જઈને જોયુ

● અનુસંધાન પાન-૭ પર

ફાયરીંગ પ્રકરણમાં પોલીસની વિવિધ ટીમો કામે લાગી

સરગાસણ વિસ્તારમાં સામ્રાજય ફાર્મમાં રાત્રીના સમયે સર્જાયેલા ડખામાં હુમલાખોરોએ ફાર્મના માલિક પ્રવિણ માણીયાનું ગોળી મારી ઢીમ ઢાળી દીધુ હતું.બનાવની જાણ થતા જિલ્લા પોલીસ વડા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જયારે સેકટર-૭ પોલીસ, વિવિધ એજન્સી સહિત એફએસએલ અને ડોગ સ્કવોડની મદદ લેવામાં આવી છે. જયારે હુમલાખોરોને પકડવા માટે પણ ટીમો કાર્યરત કરી દેવાઈ છે.

ચારેય તાલુકામાં વરસાદના હળવા ઝાપટા : વાતાવરણમાં પલ્ટો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે વરસાદના હળવા ઝાપટાઓ પછી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. જિલ્લામાં આજે ચારેય તાલુકામાં વરસાદી ઝાપટા નોંધાયા હતા.

મળતી વિગતો પ્રમાણે માણસામાં ૧૨ મી.મી., ગાંધીનગરમાં ૮ મી.મી., દહેગામમાં ૩ મી.મી. અને કલોલમાં ૨ મી.મી. જેટલો વરસાદ સાંજે ૬ વાગ્યા સુધી નોંધાયો હતો.

જિલ્લામાં હજુ પણ સારો વરસાદ થશે તેવી આગાહીઓ છે. જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો હોવાથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છે. આ આખો મહિનો જો આવો માહોલ રહે તો પાકની સ્તિથિ વધુ સારી થશે તેમ ખેડૂતોનું કહેવુ છે.

મંત્રીઓએ કાર્યભાર સંભાળતા પૂર્વે મૂર્તિઓની સ્થાપના કરી

રાજ્ય ગૃહમંત્રી સંઘવીએ પિતા સાથે ઓફિસમાં પ્રવેશ કર્યો અને ભારતમાતાનું પૂજન કર્યુ : શિક્ષણમંત્રીએ ગણપતિની મૂર્તિ મુકી તો શહેરી વિકાસ રાજ્યમંત્રીએ નિલકંઠવર્ણીની મૂર્તિની સ્થાપના કરી પૂજા-આરતી કરી કામગીરી આરંભી

ગાંધીનગર, તા. ૧૮

રાજયમાં નવી રચાયેલ સરકારના મંત્રીઓએ આજે કાર્યાલયોમાં જઈ અને તેમનો પદભાર સંભાળી એક્શન મોડમાં કામગીરીનો પણ આરંભ કરી દીધો છે. રાજયના શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ આજે ઓફિસમાં ગણપતિની મૂર્તિ મુકી હતી. આ મૂર્તિ અને પેન તેમને પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ભેટ આપી હતી.

રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ આજે કાર્યભાર સંભાળી લીધો છે. તેમણે ખુરશીમાં બેસવા માટેનં પણ મુહૂર્ત જોવડાવ્યુ હોવાનું જાણવા મળેલ છે. તેમણે બરાબર ૧.૧૦ મિનિટે ખુરશીમાં બેસી અને કાર્યશૈલીના સંકેત આપી દીધા હતા. તેમણે કહ્યુ કે તેઓ પૂર્વ ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહના આશીર્વાદ લઈને સવા કલાકનું લેસન લઈને જવાબદારી સંભાળવા આવ્યો છુ. તેમણે ભારતમાતાની પણ પૂજા કરી હતી.

કૃષિ અને પશુપાલક મંત્રી રાઘવજીભાઈ પટેલે પણ આજે પદભાર સંભાળી લીધો છે. તેમણે પૂજન-અર્ચન કરીને ઓફિસમાં વિધિવત્ પ્રવેશ કર્યો હતો. શ્રમ અને રોજગાર મંત્રી બ્રિજેશ મેરજાએ પણ આજે પૂજન-અર્ચન પછી ચાર્જ સંભાળ્યો હતો.

રાજયમંત્રી દેવાભાઈ માલમ બાદ મહિલા બાળ કલ્યાણ મંત્રી મનીષાબેન વકીલે પણ પરિવારના સભ્યો સાથે આજે ઓફિસમાં પ્રવેશ કરી અને પદભાર સંભાળ્યો હતો.

રાજય ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના પિતાની સાથે ઓફિસમાં પ્રવેશ કર્યો હતો. સાથે જ પોતાની સાથે યશસ્વી ભારત, ભગવત્ ગીતા અને માય જર્નીવીથ એન આઈટીયોલોજી નામના ત્રણ પુસ્તકો લઈને ચેમ્બરમાં આવ્યા હતા. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજયમંત્રી વિનોદભાઈ મોરડિયાએ નીલકંઠવર્ણીની મૂર્તિની સ્થાપના કરી પૂજા-આરતી કર્યા બાદ ઓફિસમાં પ્રથમ દિવસની કામગીરીનો આરંભ કર્યો હતો.

ગઈકાલે જ મંત્રીઓને ૧૫ દિવસ સુધી ગાંધીનગર નહિ છોડવાના આદેશ અપાયા હતા. શ્રાદ્ધ આવી રહ્યા હોવાથી આજે આ મંત્રીઓએ કાર્યભાર સંભાળી અને એક્શન મોડમાં નિર્ણયો લેવાનો આરંભ પણ કરી દીધો છે. શિક્ષણમંત્રીએ ગ્રાન્ટને લઈ નિર્ણય કર્યો હતો.

દિનભર ભાદરવો તપ્યો અને સાંજે અષાઢી માહોલ

શહેરમાં દિવસના આકરા ઉકળાટ બાદ સાંજે ધોધમાર વરસાદ

સેક્ટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા : જનજીવન પ્રભાવિત

દિવસના ઉકળાટ બાદ વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર તા ૧૮

શહેરમાં છેલ્લા બે દિવસથી અસહ્ય ઉકળાટના લીધે નગરજનો આકરા બફારાથી પરેશાન બન્યા હતા આજે પણ દિવસ દરમિયાન આકાશ ચોખ્ખુ રહ્યુ હતુ. જયારે બપોરના આકરી ગરમીના લીધે ભાદરવો તપતો હોવાનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. જયારે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. સાંજે અચાનક જ આકાશમાં કાળા ડીંબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. પલવારમાં જ ધોધમાર વરસાદ વરસવાનુ શરૂ થતા થોડીવારમાં જ સેકટરોમાં પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં ઠેર ઠેર વરાસદી પાણી ભરાઈ ગયા હતા. સાંજના સમયે અડધા ઈંચથી વધુ વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદના વિરામ વચ્ચે અસહ્ય ઉકળાટ પ્રવર્તયો હતો જયારે આજે પણ સવારથી આકરો તાપ અનુભવતા નગરજનો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. રોજબરોજ આકાશમાં ગોરંભાતા વાદળો ક્યારેક છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ જતા ગરમીથી બેચેન નગરજનો મેઘરાજા મનમુકીને વરસે તેની વાટ સેવી રહ્યા હતા. શહેરમાં અત્યાર સુધી સિઝનનો માંડ ૧૧.૫ ઈંચ વરસાદ થયો છે. વરસાદનો આ આંકડો દર વર્ષની સાપેક્ષમાં ઘણો નીચો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં સાંબેલાધાર વરસ્યા બાદ મધ્ય અને ઉત્તર ગુજરાતમાં પણ મેઘરાજા મનમુકીને મહેર કરે તેવી પ્રબળ આશ વચ્ચે નગરજનોની આશ દરરોજ નભ તરફ મંડરાય છે. આજે પણ દિવસ દરમિયાન આકાર ઉકળાટ અને તાપના અંતે સાંજે અચાનક જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા આકાશમાં અંગડાઈ લેતા વાદળો હમણા વરસી પડશે તેવી આશ વચ્ચે વરસાદી વાયરો ફુંકાવાનુ શરૂ થયુ હતુ. પલવારમાં જ ધોધમાર વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. વરસાદના ભારે ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સાંજના સમયે વરસાદ વરસતા કર્મચારીઓ તેમજ શોપિંગ માટે નિકળેલા નાગરિકો અટવાયા હતા. વરસાદી ઝાપટાથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. અંદાજિત અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો.

જિલ્લામાં ૩૧ કરોડના ખર્ચે ૫૫ કી મી ના રોડ નેટવર્કનુ રીસરફેસીંગ કરાશે

વરસાદી દિવસોના અંતે આગામી મહીનામાં વિવિધ સાત જેટલા માર્ગ સુધારણા કામો હાથ ધરાશે : છેલ્લા સાત વર્ષથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાયુ નથી

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા સાત વર્ષથી જિલ્લાના વિવિધ ગામો તેમજ વિસ્તારને જોડાત માર્ગોનુ પેવરકામ હાથ ધરાયુ નથી. જિલ્લામાં વિવિધ વિસ્તારના અંદાજિત ૫૫ કીમી ના માર્ગોનુ પેવરકામ હાથ ધરાશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩૧ કરોડનો ખર્ચ કરાશે. લાંબા સમયથી માર્ગોનુ રિસરફેસીંગ કરાયુ નથી જેના લીધે જિલ્લાના આ માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. વરસાદી દિવસોના અંતે આગામી મહીનામાં માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં માર્ગ સુધારણાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. જો કે હાલ વરસાદી દિવસોના લીધે માર્ગ સુધારણાનુ કામ બંધ છે. ત્યારે લાંબા સમયથી ઉબડ ખાબડ માર્ગોને યોગ્ય કરવા માટે સ્થાનિકોમાં માંગ ઉઠવા પામે છે. જિલ્લામાં પણ વિવિધ વિસ્તારને જોડતા માર્ગોનુ છેલ્લા સાત વર્ષના લાંબા સમયગાળાના અંતે પણ કામ હાથ ધરાયુ નથી ત્યારે જિલ્લામાં માર્ગ સુધારણાના વિવિધ ૭ માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જેમાં રાંધેજા બાલવા ૮ કી મી, બદપુરા વરસોડા ૪ કી મી , હરણાહોડા ટીંટોડા બિલોદ્રા ૭.૫ કીમી વાવોલ પુન્દ્રાસણ છત્રાલ ૧૭ કી મી આ ઉપરાંત ઉવારસદ સરઢવ નારદીપુર ૧૪ કી મી તેમજ કોબાથી નભોઈ તરફ જતા ૩ કી મી ના માર્ગનુ રીસરફેસીંગ કરવામાં આવશે. ચોમાસાના લીધે આ વિવિધ માર્ગોની સુધારણાનુ કામ વિલંબમાં પડયુ છે. જયારે વરસાદી દિવસોના અંતે આગામી મહીનામાં ઉબડ ખાબડ માર્ગોને ચકાચક બનાવવા કામગીરી શરૂ કરી દેવાશે. અંદાજિત ૫૫ કી મીના આ માર્ગોના રીસરફેસીંગ માટે રૂ ૩૧ કરોડનો ખર્ચ કરાશે જયારે આ કામગીરી આગામી ૬ મહીનામાં પુર્ણ કરી દેવાશે.

મહા અભિયાનમાં નબળા પ્રતિસાદને પગલે ચાર તાલુકામાં લાયઝન અધિકારીઓ નિયુક્ત કરાયા

દેવ-મુવાડા પ્રા.આ. કેન્દ્રમાં ૧૦૦ ટકા લક્ષ્યાંક થયો : ૨૦૮ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વેક્સિન મહા અભિયાનમાં ગઈકાલે ૫૪.૨૮ ટકા સિદ્ધિ મેળવવામાં તંત્ર સફળ જરૂર રહ્યુ હતુ પરંતુ ઘણા બધા કેન્દ્રોમાં નબળી કામગીરી જોઈ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમે આજે ચારેય તાલુકામાં આ માટેના લાઈઝન અધિકારીઓની નિયુક્તી કરી છે તેમજ વેક્સિનેશન અભિયાનને સઘન બનાવવાની ખાસ સૂચનાઓ આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

હાર્દિક અભિનંદન

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નવા બનેલ મંત્રીમંડળમાં અમદાવાદ નિકોલના લોકપ્રિય ધારાસભ્યશ્રી જગદીશભાઈ પંચાલ (વિશ્વકર્મા)ની રાજ્યકક્ષા (સ્વતંત્ર કાર્યભાર) - કુટિર ઉદ્યોગ, સહકાર, પ્રોટોકોલ, મીઠા ઉદ્યોગ વગેરેના મંત્રીશ્રી તરીકે પસંદગી થતાં ખૂબ ખૂબ અભિનંદન તથા ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના પણ આભારી છીએ...

શુભેચ્છક

માનનીય ભગવાનભાઈ પંચાલ
રજનીકાંત સુથાર - પ્રમુખ
શ્રી વિશ્વકર્મા ગ્લોબલ સોસાયટી (ઓફીસર્સ ગ્રુપ)

એસ. એ. ડોડીયા, એસ. ડી. સોલંકી, પંકજભાઈ પંચાલ, ડો. વિરલ લુહાર, ડો. પરેશભાઈ ગજ્જર
એમ. એસ. પંચાલ, અલ્પેશ પંચાલ, રસિકભાઈ ગજ્જર, બીપીનભાઈ ગજ્જર, અશોક છનીયારા
ચંદ્રકાન્ત ગોહિલ, કે. કે. પંચાલ, આર. વી. સુથાર, પ્રવીણ પટારીયા, મહિપતભાઈ મિસ્ત્રી

છઠ્ઠી વાર્ષિક શ્રદ્ધાંજલિ

રડી પડે છે આંખ અમારી જોઈ તસવીર તમારી,
દરેક પ્રસંગે ખટકશે અમને ખોટ તમારી.
જીવન એવું જીવી ગયા કે મૃત્યુ શરમાઈ ગયું,
સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડ્યુ નહિ.
હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી.
સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા.

આંખો હજી નિહાળે છે તમને,
અંતર હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે ત્યારે
મન મૂકીને રડાવે છે અમને

અલ્લાહ આપને જન્નત અતા ફરમાવે તેવી પ્રાર્થના અમારી

મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી
રિટાયર્ડ એડીશનલ કલેક્ટર, ગુજરાત રાજ્ય.
જન્નતનસીન તા. ૧૯/૯/૨૦૧૫

મો. ૯૮૨૮૫ ૯૫૮૨૨, ૯૮૨૫૦ ૫૭૬૯૦
સમસ્ત નાગોરી પરિવાર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com